# કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

જિલ્લા સેવા સદન,જી.પી.ઓ.ની બાજુમાં,સેક્ટર-૧૧,ગાંધીનગર
ફોન નં.૦૭૯-૨૩૨૫૯૧૮૩ ફેક્સ નં.૨૩૨૫૯૦૪૦,૨૩૨૫૨૩૨૮ E-Mail: dc-collector-gnr@gujarat.gov.in

સત્યમેવ જયતે

નં.ડીસી/જાહેરનામું/વશી ૧૧૪૨૫ થી ૧૧૪૬૪/૨૦૨૪ તા.૨૭/૦૯/૨૦૨૪

**વંચાણમાં લીધુ :-**

૧. સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ ના તા.૨૨/૦૮/૨૦૨૪ ના જાહેરનામા ક્રમાંક GVN-2021-07-env-10-2014-133-T cell

૨. પોલીસ અધિક્ષકશ્રી,ગાંધીનગરના તા.૨૬/૦૯/૨૦૨૪ ના પત્ર ક્રમાંક એલઆઈબી/કોમ/નવરાત્રી/જા.નામુ./૫૪૨૬/૨૦૨૪

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩(એન),૩૬(ઇ)(એ) અને ૩૮ અન્વયેનું જાહેરનામું

આગામી તા.૦૩/૧૦/૨૦૨૪ થી તા.૧૧/૧૦/૨૦૨૪ સુધી સમગ્ર ગુજરાતમાં નવરાત્રી મહોત્સવનું આયોજન થનાર છે. જે દરમિયાન ખાનગી કે જાહેર સ્થળોએ રાત્રી દરમિયાન રાસ-ગરબાના કાર્યક્રમમાં મોડે સુધી લાઉડ સ્પીકર ચાલુ રાખવામાં આવે છે.

સરકારશ્રીના આમુખ-૧ ના જાહેરનામાથી નવરાત્રીના મહોત્સવ તથા દશેરા દરમિયાન રાત્રિના ૧૦:૦૦ રાત્રિના ૧૨:૦૦ વાગ્યા સુધી પબ્લીક એડ્રેસ સીસ્ટમ/લાઉડ સ્પીકર વગાડવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જેથી પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરનાઓએ આમુખ-૨ના પત્રથી તા.૦૩/૧૦/૨૦૨૪ થી તા.૧૨/૧૦/૨૦૨૪ સુધી રાત્રિના ૧૨:૦૦ કલાક પછી પબ્લીક એડ્રેસ સીસ્ટમ/લાઉડ સ્પીકર વગાડવા બાબતે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

હું **દિગંત બ્રહ્મભટ્ટ** જી.એ.એસ.,**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,ગાંધીનગર** સમગ્ર ગાંધીનગર જિલ્લાના મહેસુલી વિસ્તારમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(એન), ૩૬(ઈ)(એ) અને ૩૮ અન્વયે મળેલ સત્તાની રૂઈએ નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ ની કલમ-૫(૨)(૩) ની જોગવાઈઓને આધીન તથા સરકારશ્રીના આમુખ-૧ ના જાહેરનામાં મુજબ **તા.૦૩/૧૦/૨૦૨૪ થી તા.૧૨/૧૦/૨૦૨૪ સુધી રાત્રીના ૧૨:૦૦ કલાક સુધી તેમજ તા.૧૩/૧૦/૨૦૨૪ અને તે પછીના દિવસોની રાત્રીના ૧૦:૦૦ કલાક પછી એડ્રેસ સીસ્ટમ/લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવા મુજબ હુકમ કરૂ છું.**

આ હુકમ અન્વયે પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિદ્ધ કરાવવી.

આજ તા.૨૭/૦૯/૨૦૨૪ ના રોજ મારા સહી સિક્કા કરી આપેલ છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ગાંધીનગર જિલ્લો

(દિગંત બ્રહ્મભટ્ટ)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર

પ્રતિ,
સરકારી મધ્યસ્થ પ્રેસ,સેકટર–૩૦,ગાંધીનગર

૨/- ઉપર્યુકત જાહેરનામું સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરી પ નકલો અત્રે મોકલી આપવા સારૂ.

**નકલ જયભારત સહ રવાના:-**

- નિયામક (પર્યાવરણ) અને અધિક સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- સેક્શન અધિકારીશ્રી,(ક.ગ.)શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

**નકલ રવાના :-**

- જિલ્લા વિકાસ અધિકારીશ્રી,ગાંધીનગર
- પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર
- સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી,ગાંધીનગર/કલોલ
- નાયબ પોલીસ અધિક્ષકશ્રી કલોલ/ગાંધીનગર ડીવીઝન, જી.ગાંધીનગર
- એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી ગાંધીનગર/માણસા/દહેગામ/કલોલ/કલોલ શહેર
- પોલીસ ઈન્સ્પેકટર, સેકટર ૭/૨૧/પેથાપુર/અડાલજ/ડભોડા/દહેગામ/માણસા/કલોલ તાલુકા/કલોલ શહેર/ રખીયાલ/ ઈન્ફોસીટી/સાંતેજ/ચિલોડા તરફ જાહેરનામાના પ્રસિદ્ધ કરવા સારૂ.
- રજીસ્ટ્રારશ્રી,ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ,ન્યાય મંદિર, સેકટર-૧૧,ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી,ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ, ન્યાય મંદિર, સેકટર-૧૧,ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી,જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ, ન્યાય મંદિર,સેકટર-૧૧,ગાંધીનગર/ કલોલ/દહેગામ/માણસા
- જિલ્લા સરકારી વકીલશ્રી, ન્યાય મંદિર, સેકટર-૧૧, ગાંધીનગર
- આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટરશ્રી, જે.એમ.એફ.સી. કોર્ટ, ગાંધીનગર/માણસા/દહેગામ/કલોલ, જી.ગાંધીનગર
- ડી.આઈ.ઓ.શ્રી,એન.આઈ.સી.ગાંધીનગર તરફ અત્રેની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરી પ્રસિદ્ધિનો અહેવાલ મોકલી આપવા સારૂ
- નાયબ માહિતી નિયામકશ્રી, ગાંધીનગર તરફ.

૨/- ઉપર્યુકત જાહેરનામાની અગ્રગણ્ય દૈનિક સમાચારપત્રોમાં વિના મુલ્યે પ્રસિદ્ધ કરાવવા સારૂ

d:\jahernamu\festival\navratri 2024.docx